# એલિસાબેત અને ઝખરિયા - સ્નાનસંસ્કારક યોહાનનાં માબાપ
## ફાધર વર્ગીસ પૉલ

પયગંબર હાન્નાની માફક સ્નાનસંસ્કારક યોહાનનાં માબાપ એલિસાબેત અને ઝખરિયાની વિગતો માત્ર લૂક જ નોંધે છે. એલિસાબેત શબ્દનો અર્થ થાય છે, 'પ્રભુ મારા સોગંદ (ટ્ર્ઠાર) છે. એટલે પ્રભુની પૂજા કરનાર!'

લૂકકૃત શુભસંદેશ જણાવે છે તેમ એલિસાબેત તેના પતિની માફક એક ધર્મગુરુના પરિવારની છે. "યહૂદિયાના રાજા હેરોદના વખતમાં અબિયાના વર્ગનો ઝખરિયા નામનો એક પુરોહિત હતો. તે અહરોનના વંશની એલિસાબેત નામની એક સ્ત્રીને પરણ્યો હતો." (લૂક ૧, ૫)

આપણી પ્રચલિત ઢબમાં એલિસાબેત પ્રભુનો ડર નાખનારી બાઈ હતી. એલિસાબેત અને તેના પતિનું સંત લૂક સુંદર વર્ણન કરે છે: "બંને પ્રભુની બધી આજ્ઞાઓનું તથા વિધિઓનું દોષ વગર પાલન કરતાં હતાં એટલે ઈશ્વરની નજરમાં ધર્મિષ્ઠ હતાં. પણ તેમને કંઈ સંતાન નહોતું, કારણ, એલિસાબેત વંધ્યા હતી અને એ બંનેની ઉંમર ઘણી થઈ હતી." (લૂક ૧, ૬-૭)

એલિસાબેત અને ઝખરિયાએ બાળક માટે ખૂબ પ્રાર્થનાઓ કરી હશે. યહૂદી પ્રજા નિ:સંતાનપણાને કે વંધ્યત્વને શાપ ગણતી. અને એ બાબત એલિસાબેતના સ્વાભિમાનને ખૂબ ડંખતી રહી હશે, કેમકે તે એક પુરોહિત પરિવારની હતી અને એક પુરોહિતની પરિણીતા હતી.

ઈશ્વરે યહૂદી પ્રજાને આપેલા વચન મુજબ મસીહાનું આગમન થશે, એમ યહૂદીઓ માનતા હતા. દરેક યહૂદી મહિલા આવનારા મસીહાની માતા બનવાનું સદ્ભાગ્ય પોતાને સાંપડે એવું સ્વપ્ન સેવતી હશે. એટલે પોતાનું વંધ્યત્વ એલિસાબેતને ભારે અકારું લાગ્યું હશે. તે પોતાના પતિ સાથે સારું જીવન જીવી અને પ્રભુના સર્વ નિયમો અને આજ્ઞાઓ પાળવા લાગી.

પ્રભુએ આ વૃદ્ધ દંપતીની વિનવણીઓ કાને ધરી અને બાળક માટેની તેમની ઇચ્છાને આશીર્વાદિત કરી. ઝખરિયા જ્યારે મંદિરના સૌથી પવિત્ર સ્થળ ખાતે સેવારત હતો ત્યારે દેવદૂત ગાબ્રિયેલે તેની પાસે જઈને કહ્ ાુ ં, "ગભરાઈશ નહિ, ઝખરિયા, કારણ, ભગવાને તારી અરજ સાંભળી છે; તારી પત્ની એલિસાબેતને પુત્ર અવતરશે, અને તું તેનું નામ યોહાન પાડજે". (લૂક ૧, ૧૩)

થોડા દિવસ પછી એલિસાબેતને "ગર્ભ રહ્યો અને પાંચ મહિના સુધી તે લોકોની નજરથી છુપાતી રહી". (લૂક ૧, ૨૪)

તેની સગર્ભાવસ્થાને છ માસ વીત્યા બાદ દેવદૂત ગાબ્રિયેલ મરિયમ નામની કુંવારીને દેખાયો અને દેવદૂતે તેને કહ્યું કે તે પતિ-સમાગમ વિના જ પવિત્ર આત્માના દ્વારા પુત્રગર્ભ પામશે. દેવદૂતે મરિયમને એવી પણ માહિતી આપી કે તેની સગી એલિસાબેતને છઠ્ઠો મહિનો જાય છે.

પછી, મરિયમ યહૂદિયાના પહાડી પ્રદેશમાં આવેલા એક ગામમાં ઉતાવળાં ઉતાવળાં નીકળી પડયાં, અને ઝખરિયાના ઘરમાં પહોંચીને એલિસાબેતને વંદન કર્યાં. એ પ્રસંગનું વર્ણન કરતાં લૂક કહે છે, "અને એલિસાબેત પવિત્ર આત્માની પ્રેરણાથી સભર બનીને મોટે સાદે બોલી ઊઠી, સૌ સ્ત્રીઓમાં તું ધન્ય છે અને ધન્ય છે તારી કૂખનું બાળક! હું તે કેવી ભાગ્યશાળી કે મારા પ્રભુની માતા મને મળવા આવી! અને વાત તો સાંભળ, જેવા તારા વંદનના શબ્દ મારે કાને પડયા કે તરત જ મારા પેટમાંનું બાળક આનંદથી ફરક્યું". (લૂક ૧, ૪૨-૪૪)

પોતાની સગી એલિસાબેતની મરિયમે લીધેલી મુલાકાત અને બન્ને બાળકોનો પોતપોતાની માતાના ઉદરમાં થયેલો હરખ નોંધપાત્ર છે. પોતાની સગર્ભાવસ્થા અંગે બન્ને પાસે મહાન રહસ્યો હોવાના લીધે બંને એકબીજાની સોબતમાં રહે છે. એમને એ વાતની સારી પેઠે ખબર હતી કે તેમની સગર્ભાવસ્થા તથા તેમનાં બાળકો ઘણે અંશે અસામાન્ય છે.

એલિસાબેત મરિયમને સૌથી માનવંતા નામે સંબોધે છે, "મારા પ્રભુની માતા" અને સામે મરિયમનો પ્રતિભાવ પણ ભાવક હતો.

થોડા સમયમાં એલિસાબેતે એક પુત્રને જન્મ આપ્યો. લોકો બાળકનું નામ એના બાપના નામ પરથી 'ઝખરિયા' પાડવા જતા હતા. પરંતુ એલિસાબેતે વાંધો ઉઠાવ્યો. "નહિ! એનું નામ યોહાન પાડવાનું છે." હવે લોકોને એવું નામ પાડવામાં વાંધો હતો. "પણ તમારા કુટુંબમાં એ નામનું કોઈ નથી!" (લૂક ૧, ૬૧). એટલે તેઓ બાળકના પિતા ઝખરિયા પાસે ગયા. સૌની નવાઈ વચ્ચે ઝખરિયાએ એક પાટી મંગાવીને તેના ઉપર લખ્યું, "એનું નામ યોહાન છે." (લૂક ૧, ૬૩)

પ્રભુનું વચન પૂર્ણ થશે, એના સંકેતરૂપે જ્યારે ઈશ્વરે ઝખરિયાને બાળકનું વરદાન આપ્યું ત્યારે તેની વાચા હણાઈ ગઈ. તેને વાચા પાછી ત્યારે ફૂટી જ્યારે તેના લોકોએ બાળકનું નામ પાડવાનું કહ્યું અને તેણે એક પાટી પર લખ્યું, "એનું નામ યોહાન છે". (લૂક ૧, ૬૩)

લૂક નોંધે છે તેમ, યોહાનનો જન્મ અને એનું નામકરણ "યહૂદીયાના પહાડી પ્રદેશમાં સર્વત્ર આ આખીવાત ચર્ચાનો વિષય થઈ પડી."

તે પ્રસંગે ઝખરિયાએ પવિત્ર આત્માની પ્રેરણાથી સભર બનીને ઈશ્વર પ્રભુનો આભાર માન્યો અને ભવિષ્યવાણી ભાખી હતી કે, "અને હે બાલપુત્ર! તું પરાત્પરનો પયગંબર કહેવાશે, કારણ, તારે પ્રભુની આગળ આગળ ચાલી એના માર્ગો તૈયાર કરવાના છે; તારે એની પ્રજાને જણાવવાનું છે કે, 'તમને મુક્તિ - પાપોની માફી - મળવાની છે.' " (લૂક ૧, ૭૬-૭૭)

ઝખરિયાના સમગ ગીત કે આભારસ્તોત્રમાં યહૂદી ધર્મગંથનું જ્ઞાન અને પાંડિત્ય પણ આપણે જોઈ શકીએ છીએ.

એલિસાબેતે પુત્રને જન્મ આપ્યો અને તેની સુન્નત કરાવી ત્યાર બાદ આપણને એલિસાબેત અને ઝખરિયા વિશે સાંભળવા મળતું નથી. પરંતુ સદીઓથી ખ્રિસ્તીઓમાં એલિસાબેત અને ઝખરિયાનાં નામો ખૂબ લોકપ્રિય રહ્યાં છે. હજારો ખ્રિસ્તી બાળકો અને ખ્રિસ્તી સંસ્થાઓ સાથે એલિસાબેતનું નામ જોડાયું છે.